



વાતાવરણમાં પલટો : અરવલ્લીના ધનસુરા તાલુકામાં થોડાક દિવસોના વિરામ બાદ આજે વરસાદનું ફરી આગમન થયું હતું. જનામષ્ટમીના પવિત્ર તહેવાર અગાઉ આવેલા વરસાદને સ્થાનિક લોકોએ વધાવી લીધો હતો. થોડોક સમય માટે ધમાકેદાર આવેલા વરસાદે માર્ગો ઉપર પાણી વહેતું કરી દીધું હતું. વરસાદ વરસતા ખેડૂતોમાં ખૂશીનો માહોલ દેખાયો હતો.

# અરવલ્લી જિલ્લો સ્વાઈન ફલુના અજગરી ભરડામાં

## માલપુરમાં વધુ ૨ બાળકો સ્વાઈન ફલુની ઝપટે : મેઘરજના આધેડને સ્વાઇન ફલુ

માલપુર, તા. ૧૩

અરવલ્લી જિલ્લામાં સ્વાઈન ફલુ ધીરે ધીરે વધુ વકરતો હોય તેમ વધુ ૨ બાળકોને સ્વાઈનફલુ પોઝેટિવ હોવાનું બહાર આવતા હાહાકાર મચી ગયો છે. જિલ્લા આરોગ્ય વિભાગ દ્વારા સ્વાઈનફલુના દર્દીઓ માટે તાબતોડ જિલ્લાના મુખ્યમથક મોડાસાની સાર્વજનિક હોસ્પિટલ ખાતે ૨ બેડ અને વેન્ટિલેટર અને ખાનગી હોસ્પિટલ સંજીવનીમાં ૨ બેડ અને વેન્ટિલેટર સાથેનો આઈસોલેટેડ વોર્ડ જિલ્લા આરોગ્યવિભાગની સીધી દેખરેખ હેઠળ ઉભા કરવામાં આવ્યા છે પણ જિલ્લા આરોગ્ય વિભાગની સારવાર પર લોકોને ભરોષો ન હોય તેમ સ્વાઈનફલુના લક્ષણો જણાતા જ લોકો સીધા અમદાવાદ સિવિલ હોસ્પિટલ અને ખાનગી હોસ્પિટલમાં સારવાર અર્થે સ્વાઈન ફલુ પોઝેટીવ દર્દીને સગાઓ દ્વારા ખસેડી દેવામાં આવે છે. જિલ્લા આરોગ્ય વિભાગ દ્વારા સ્વાઈનફલુ પોઝેટીવ દર્દીના રહેઠાણ સ્થળોએ સર્વેની કામગીરી હાથ ધરી વધુ વકરે નહિ તે માટે દર્દીઓના પરિવારજનોને સંપર્કમાં આવનાર તમામ લોકો અગમચેતીના ભાગરૂપે ને ટેમિફ્લૂ નામની દવાનો ડોઝ આપી દેવામાં આવ્યો છે.

અરવલ્લી જિલ્લામાં અત્યાર સુધીમાં પ થી વધુ દર્દીઓ સ્વાઈનફલુ નામની ખતરનાક બીમારીમાં સપડાતા જિલ્લાના પ્રજાજનો સહીત આરોગ્ય વિભાગમાં હાહાકાર મચી ગયો છે. સ્વાઈનફલુ જિલ્લાના માલપુર તાલુકામાં પાછલા સાત દિવસોમાં ત્રણ લોકોને સકંજામાં લેતા તાલુકામાં સ્વાઈનફલુ નામની બીમારીએ ભારે દહેશત ફેલાવી દીધી છે. પરિવારમાં કોઈને પણ શરદી ખાંસી તાવ અને ગળામાં સોજાની અસર થતા જ ભારે ચિંતામાં ગરકાવ થયી જાય છે. માલપુર તાલુકાનો એક આધેડ સ્વાઈનફલુની હાલ અમદાવાદ સિવિલ હોસ્પિટલ ખાતે સારવાર લઈ રહ્યો છે ત્યારે પ્રાપ્ત માહિતી અનુસાર ૧૩ મહિનાના બાળકને શંકાસ્પદ સ્વાઈનફલુ ના લક્ષણો જણાતા તદુપરાંત ૮ વર્ષીય ડોડીયા ગામના અન્ય એક બાળકને સ્વાઈનફલુ પોઝેટીવ હોવાનું બહાર આવતા બંને બાળકો અમદાવાદની બાળકોની જુદી-જુદી હોસ્પિટલોમાં સઘન સારવાર હેઠળ છે. અરવલ્લી જિલ્લા આરોગ્ય વિભાગ દ્વારા સ્વાઈનફલુ દર્દીઓના રહેઠાણ સ્થળોએ અને વિસ્તારોમાં સર્વેની કામગીરી હાથ ધરી દર્દીઓના પરિવારજનોને સંપર્કમાં આવેલા તમામ લોકોને ટેમિફ્લૂ નામની દવાના ડોઝ આપી દઈ સતત સર્વલન્સ હેઠળ રાખવામાં આવ્યા છે.

મેઘરજ તાલુકામાં થોડા સમય પહેલાં સ્વાઈનફલુના લીધે એક રીટાયડ કર્મીનું સારવાર દરમ્યાન મોત નીપજ્યુ હતુ ત્યારે સ્વાઈનફલુનો વધુ એક કેસ બહાર આવતાં તાલુકાની જનતામાં સ્વાઈનફલુને લઈને ફફડાટ વ્યાપ્યો છે.

મેઘરજ તાલુકાના એક ગામમા આશરે ૪૭ વર્ષીય ઈસમને સરદી ખાંસી તેમજ તાવ આવતાં મેઘરજની એક ખાનગી હોસ્પિટલમાં સારવાર કરાવી હતી પરંતુ તબીબને સ્વાઈનફલુના લક્ષણો જણાતાં દર્દીને અમદાવાદ સિવીલ હોસ્પિટલમાં જઈ રિપોર્ટ કરાવવાની સલાહ આપી હતી. જેથી દર્દીને અમદાવાદ ખાતે ખાનગી હોસ્પિટલમાં લઈ જઈને સીવીલ હોસ્પિટલમાં રિપોર્ટ કરાવતાં સ્વાઈન ફલુ પોઝેટીવ આવ્યો હતો પરંતુ સમયસરના નિદાન અને સારવારથી દર્દીની તબિયત સુધારાપર હોવાનું જાણવા મળ્યું હતું. હજુ પણ આ ઈસમ અમદાવાદની એક ખાનગી હોસ્પિટલમા સારવાર હેઠળ છે.



## મેઘરજ નગરમાં કપિરાજનું વીજકરંટથી મોત

મેઘરજ નગરમાં ગુરૂવારે સાંજે બી.એસ.એન.એલ. કચેરી પાસે આવેલ વિજડીપીથી કપિરાજને કરંટ લાગતાં મોત નીપજ્યુ હતુ. નગરના યુવાનો તેમજ ગ્રામ પંચાયતના કર્મીઓ દ્વારા કપિરાજની અંતિમ વિધિ કરવામાં આવી હતી.

## શામળાજી-રતનપુર ચેકપોસ્ટ પર આઈબી એલર્ટના પગલે વાહનોનું સઘન ચેકીંગ

શામળાજી, તા. ૧૩

અરવલ્લી જિલ્લાની રાજસ્થાન રાજ્યને અડીને ચારથી વધુ આંતરરાજ્ય સરહદો આવેલી છે. ત્યારે આઈબી વિભાગ કે રાજ્ય ગૃહ મંત્રાલય દ્વારા અપાતા ત્રાસવાદી હુમલાના ભીતીના પગલે એલર્ટ અપાતા અરવલ્લી જિલ્લા પોલીસતંત્રનો ફક્ત એક જ આંતરરાજ્ય સરહદ શામળાજી-રતનપુર ચેકપોસ્ટ દેખાતી હોય તેમ કે પછી ગૃહ મંત્રાલય અને આઈબીમાં દેખાડો કરવા પુરતી એક જ સરહદ પર સઘન પેટ્રોલીંગ વાહનોનું ચેકીંગ રાઉન્ડ ધી ક્લોક કરવામાં આવે છે અને હથીયારધારી પોલીસો ઠેર-ઠેર ગોઠવી દેવામાં આવે છે. જિલ્લાની અન્ય ત્રણ કાલીયા કુવા, ઉન્ડવા અને રેલ્લાવાડા-ઈસરી, આંતરરાજ્ય સરહદો પર જિલ્લા પોલીસતંત્ર દ્વારા નધણીયાત હાલતમાં છોડી દેવામાં આવી હોય તેવો ઘાટ જોવા મળી રહ્યો છે. ફક્ત જિલ્લા પોલીસ તંત્રની જીપ-ગાડીઓ સમ ખાવા પુરતી આ ત્રણે આંતરરાજ્ય સરહદો પર દેખા દે છે. જાણે કે ત્રાસવાદીઓ શામળાજી-રતનપુર ચેકપોસ્ટ પરથી જ રાજ્યમાં પ્રવેશવાના હોય તેમ ત્યાં હથીયારધારી પોલીસ સાથે સઘન પોલીસ ચેકીંગ હાથ ધરવામાં આવ્યુ છે. જિલ્લા પોલીસતંત્ર બેદરકારી ભરી રીતે આઈબી એલર્ટને લઈ રહી હોય તેમ લાગી રહ્યુ છે. જિલ્લાવાસીઓ અને આંતરરાજ્ય સરહદો પર વસતા ગામડાઓના પ્રજાજનોમાં પણ પોલીસની કામગીરી સામે અનેક પ્રશ્નો પેદા થયા છે અને જિલ્લાના તમામ રાજસ્થાનને અડીને આવેલા આંતરરાજ્ય માર્ગો અને સરહદો પર જિલ્લા પોલીસતંત્ર સઘન પોલીસ ચેકીંગ હાથ ધરે તે જરૂરી છે.



# અરવલ્લી સહિત ઉત્તર ગુજરાતના ૪૩ ગુન્હાનો ભેદ ઉકેલાયો

મોડાસા, તા. ૧૩

અરવલ્લી જિલ્લામાં તેમજ નજીકમાં આવેલ સાબરકાંઠા મહેસાણા, ગાંધીનગર જિલ્લામાં તેમજ અત્રેના જિલ્લાની સરહદને અડીને આવેલ રાજસ્થાનના ડુંગરપુર જિલ્લામાં છેલ્લા બે વર્ષથી ખેતરોમાં તથા તબેલાઓમાં તથા ઘર આગળ બાંધેલ ઢોરની ચોરીના વધી રહેલ ગુન્હા બનતા અટકાવવા તથા બનેલ ગુન્હા શોધી કાઢવા સારૂ આર.બી. બ્રહ્મભટ્ટ પોલીસ મહાનિર્દેશક, ગાંધીનગરની સૂચના મુજબ પોલીસ અધિક્ષક કે.એન. ડામોર, અરવલ્લી મોડાસાને આપેલ સૂચના અને માર્ગદર્શન મુજબ જિલ્લામાં જરૂરી એક્શન પ્લાન બનાવી જિલ્લામાં પોલીસ સ્ટેશનના વિસ્તારોમાં જરૂરી પેટ્રોલીંગ તેમજ વૉચ તથા આકસ્મિક વાહનચેકીંગ નાકાબંધીના પોઈન્ટો નક્કી કરી અસરકારક વાહન ચેકીંગ નાકાબંધી કરાવવામાં આવતી હતી. આવા ઢોર ચોરીના ગુન્હા બનતા અટકાવવા તેમજ આ ઢોર ચોરીના આરોપીઓની ગેંગને પકડી પાડવા ઘણા લાંબા સમયથી ખાનગી રીતે વોચ નાકાબંધીમાં હતા. અને અરવલ્લી જિલ્લામાં તેમજ આવા ગુન્હા કરતા આરોપીઓના આશ્રય સ્થાનોએ બાતમીદારો ઉભા કરી આવા ગુન્હા બનતા અટકાવવા સતત પ્રયત્નશીલ હતા. આ આરોપીઓ અંગે માહિતી મેળવી આરોપીઓ પકડી આવા ગુન્હા બનતા અટકાવવા તથા બનેલ ગુન્હા શોધી કાઢવા સતત પ્રયત્નશીલ હતા.

દરમ્યાન આજરોજ સી.ડી. વણજારા, પો.ઈન્સ. એલસીબી મોડાસા તથા એલસીબી સ્ટાફના પોલીસ અધિક્ષક અરવલ્લીનાની સૂચના મુજબ સી.ડી. વણજારા, પોલીસ ઈન્સ્પેકટર એલ.સી.બી. મોડાસા તથા મોડાસા એલસીબી સ્ટાફના તમામ માણસો તમામ માણસો ગાજણ ગામની સીમમાં વાહન ચેકીંગ નાકાબંધીમાં હતા દરમ્યાન માહિતી મળેલ કે આરીફ ખ્યાલી બુલાખી મુલતાની રહે. ચાંદટેકરી, જુની મસ્જીદ પાસે, તા. મોડાસા, જી. અરવલ્લીનાનો કે જે ઢોર ચોરીનો ગેંગ લીડર છે અને તેણે અત્રેના જિલ્લામાં તથા પાડોશી જિલ્લા સાબરકાંઠા, મહેસાણા, ગાંધીનગર, ખેડા વિગેરે જિલ્લાઓમાં છેલ્લા બે વર્ષમાં ઘણા બધા ઢોર ચોરીના ગુન્હા આચરેલ છે. તે ઢોર ચોરીનો ગેંગ લીડર તેની જાયલો ગાડી નં. જીજે.૨૩.એ.એન.૯૩૮૭ની લઈ શામળાજી તરફથી મોડાસા તરફ આવી રહેલ છે. તેવી માહિતી મળતા ગાજણ ગામની સીમમાં શામળાજી મોડાસા હાઈવે રોડ ઉપર ટોલટેક્ષ નજીક નાકાબંધી કરતા સદરી આરોપી જાયલો ગાડી કિં. રૂ. ૩,૦૦,૦૦૦ના મુદ્દામાલ સાથે મળી આવી પકડાઈ ગયેલ છે.



## પાલનપુરમાં જન્માષ્ટમી ધામધૂમથી ઉજવાશે

પાલનપુર, તા. ૧૩

શ્રાવણ વદ આઠમના દિવસે દેશભરમાં જન્માષ્ટમી મહોત્સવની ધામધૂમથી ઉજવણી થનાર છે. ત્યારે નંદલાલાના જન્માષ્ટમી પર્વને લઈને ગ્રામ્ય અને શહેરી કક્ષાએ ઠેર ઠેર જય કનૈયા લાલ કી હાથી ઘોડા પાલકીના જયનાદ સાથે મટકીફોડમાં કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ છે. ત્યારે આવતીકાલથી પાલનપુરની શાળાઓમાં રજા હોવાથી શહેરની જુદા જુદી શૈક્ષણિક સંસ્થાઓમાં જન્માષ્ટમી પર્વની ઉલ્લાસભેર ઉજવણી કરવામાં આવી હતી. પાલનપુર-ડીસા હાઈવે પર આવેલ સંત રાજારામ ગુરૂકુળ સંસ્થા ખાતે જન્માષ્ટમી મહોત્સવની હર્ષોલ્લાસ સાથે ઉજવણી થઈ હતી. શાળાના નાના બાળકો શ્રીકૃષ્ણ ભગવાનની વેશભૂષામાં સજજ થઈ આવેલા નટખટ કાનુડા આકર્ષણના કેન્દ્ર બન્યા હતા. તેમજ વિવિધ કૃષ્ણ જીવન લીલાના જુદા જુદા કાર્યક્રમોના અંતમાં શાળાના સંકુલમાં દહીં-હાંડી ફોડી બાળકોએ જન્માષ્ટમી ઉત્સવનું સમાપન કર્યું હતું. આ પ્રસંગે શાળાના આચાર્ય સાફિયા સૈયદ મેડમ, ભીખાભાઈ ચૌધરી, વેલજીભાઈ ચૌધરી, મહેન્દ્રભાઈ જોષી તેમજ શાળા પરિવાર અને બાળકો, વાલીઓ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.




સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે મહિલા સશક્તિકરણ ઉજવણીના ભાગરૂપે રેલી યોજાઈ હતી. જેમાં પ્રાંતિજ સહિત તાલુકાની મહિલાઓ રેલીમાં જોડાઈ હતી. ગુજરાત સરકાર દ્વારા તા.૧-૮-૨૦૧૭ થી તા.૧૪-૮-૨૦૧૭ સુધી મહિલા સશક્તિકરણ પખવાડીયાની ઉજવણીનું નકકી કરેલ છે. ત્યારે પ્રાંતિજ ખાતે પણ વિવિધ કાર્યક્રમો યોજાયા રહ્યાં છે. ત્યારે પખવાડીયાના ભાગરૂપે તાલુકા વિકાસ અધિકારી જે. એચ. કાપડીયાના અધ્યકક્ષસ્થાને તાલુકા પંચાયતથી હાઈવે ત્રણ રસ્તા સુધી રેલી નિકળી હતી. જેમાં સખીમંડળની બહેનો, આંગણવાડી બહેનો તથા પ્રાંતિજ તાલુકામાંથી મોટી સંખ્યામાં મહિલાઓ ઉપસ્થિત રહી રેલીમાં જોડાઈ હતી. જયારે તાલુકા પ્રમુખ દક્ષાબેન રાઠોડ પણ રેલીમાં ઉપસ્થિત રહ્યાં હતા.

## લીંભોઈ પ્રાથમિક શાળાનું ગૌરવ

તાજેતરમાં મોડાસા તાલુકા કક્ષાનો કલામહાકુંભ સર્વોદયનગર પ્રા. શાળા ખાતે યોજાઈ ગયો. જેમાં વિવિધ સ્પર્ધાઓ યોજાઈ. સમૂહનૃત્યમાં લીંભોઈ પ્રા. શાળા તાલુકામાં પ્રથમ નંબરે વિજેતા થતાં શાળાના બાળકો તથા આચાર્ય અને માર્ગદર્શક શિક્ષકોને શાળાની કમિટીએ અભિનંદન પાઠવ્યા. બાળ પ્રતિભા ખિલવવાના આ પ્રયત્નને સૌએ બિરદાવ્યો હતો.

## લાઈવ રસોઈ શૉની ઉજવણી

આજરોજ મોડાસા મહાલક્ષ્મી ટાઉનહોલ ખાતે રસોઈ શૉની ઉજવણી કરવામાં આવી હતી. આઈસીડીએસ જિલ્લા પંચાયત દ્વારા લાઈવ રસોઈ શૉની વાનગી અને પોષણક્ષમ કાર્યક્રમો દ્વારા બહેને માર્ગદર્શન આપ્યુ હતુ. રસોઈ શૉ માં પચાસથી સાઈઠ વાનગીઓનું નિદર્શન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં જિલ્લા વિકાસ અધિકારી, આઈસીડીએસ અધિકારી, ૧૮૧ અભયમ હેલ્પલાઈનના શ્રીમતી ચેતનાબેન ચૌધરી, આંગણવાડી કાર્યકર બહેનો, તેમજ મોડાસાના નગરજનો ઉપસ્થિત રહ્યા હતા.

# પ્રાંતિજ ખાતે પ્રધાનમંત્રી ઉજજવલા યોજના હેઠળ મફત ગેસ જોડાણ અપાયા

પ્રાંતિજ, તા.૧૩

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે પ્રધાનમંત્રી ઉજજવલા યોજના હેઠળ પ્રાંતિજ-તલોદના તથા તલોદના ૬૩૭ લાભાર્થીઓને મફત ગેસકનેકશન આપવામાં આવ્યાં હતાં જેમાં સગડી, બોટલ, રેગ્યુલેટર પ્રાંતિજ મામલતદાર બી.જી. મકવાણા, તાલુકા વિકાસ અધિકારી જે.એચ. કાપડીયા, નગરપાલિકા પ્રમુખ નિરવભાઈ



લાભાર્થીઓને ગેસ કનેકશન વિતરણ કાર્યક્રમ યોજાયો હતો.

પ્રાંતિજ વી.એસ.પીટીસી કોલેજ ખાતે પ્રાંતિજ-તલોગદનો પ્રાંત કક્ષાનો ઉજવવલા મેળો યોજાયો હતો જેમાં પ્રધાનમંત્રી ઉજજવલા યોજનાં હેઠળ પ્રાંતિજ સહિતની કિટ આપવામાં આવી હતી. જયારે વરસાદને લઈને ધરાશાયી થયેલ મકાનમાલિકોને મકાન સહાય પેટે ચેકો આપવામાં આવ્યાં હતાં જયારે આ પ્રસંગે પૂર્વ શિક્ષણ મંત્રી જયસિંહ ચૌહાણ, જિલ્લા કલેકટર પી.સ્વરૂપ, પરીખ, જયંતિભાઈ પટેલ સહિત ભાજપ શહેર તથા તાલુકા પ્રમુખો સહિત ભાજપ કાર્યકરો આગેવાનો ઉપસ્થિત રહ્યાં હતાં અને પ્રાંતિજ-તલોદમાંથી ઉપસ્થિત લાભાર્થીઓને ગેસ કનેક્શન કિટનું વિતરણ કરવામાં આવ્યું હતું.

## મહેસાણામાં સ્વાઈન ફલુ રોગ સામે સાવચેતીરૂપે તમામ પ્રકારના અટકાયતી પગલાં લેવાયા છે

રાજ્યમાં સ્વાઈન ફલુ રોગની સમીક્ષા બાબતે મુખ્યમંત્રી દ્વારા વિડીયોકોન્ફરન્સ યોજાઈ હતી. જેમાં સ્વાઈન ફલુ રોગની સાવચેતી અને અટકાયતી પગલા માટે જણાવાવમાં આવ્યુંહતું. મહેસાણા જિલ્લા કલેકટર આલોક કુમાર ના અધ્યક્ષસ્થાને આરોગ્ય વિભાગની સમીક્ષા બેઠક યોજાઈ હતી. બેઠકમાં કેમીસ્ટ એસોશિયેશનના પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. મહેસાણા જિલ્લામાં સ્વાઈન ફલુ રોગ સામે પુરતી સાવચેતી અને જરૂરી તમામ પ્રકારના અટકાયતી પગલાંઓ જિલ્લા વહિવટી-આરોગ્યતંત્ર દ્વારા રાખીને તકેદારીના તમામ પગલાંઓ ભરવામાં આવ્યાં છે. મહેસાણા ખાતેની સીવીલ હોસ્પિટલ ખાતે અદ્યતન સાધન-સામગ્રી સાથેનો ખાસ આઈસોલેશન વોર્ડ પણ ઉભો કરવામાં આવ્યો છે તેમ આરોગ્ય વિભાગની સમીક્ષા બેઠકમાં જિલ્લા કલેકટર આલોક કુમારે જણાવ્યુંહતું.